

**પડકારનો પ્રતિકાર**

માનવીનું જીવન સંઘર્ષોથી ભરેલું છે. સંઘર્ષ વિનાનું જીવન એ જીવન નથી, પણ જીવતું મોત છે. માનવીના પુરુષાર્થને જયારે પડકાર મળે છે ત્યારે જ એની અંદરની પ્રબળ શકિત બહાર આવે છે. ત્યારે એ વામણો માનવી વિરાટનેય વશ કરી દે છે.

એક કિશોર બાલ્યાવસ્થાથી જ મહત્ત્વાકાંક્ષી હતો, પરંતુ મહત્ત્વાકાંક્ષાના સેવનમાત્રથી કંઈ સિદ્ધિ સાંપડી જતી નથી. એને માટે તો પછી બધી શકિત એકત્ર કરી સતત મંડયા રહેવું પડે છે. ઊઠતાં, જાગતાં અને બેસતા; પછી તો જીવનધ્યેય પ્રત્યે જ ચિત્ત ચોંટેલું રહે છે. બીજા વિચારને ત્યાં સ્થાન નથી. પ્રમાદને કાયમનો દેશવટો છે. કઠિનમાં કઠિન કાર્યો હાથ પર સૌથી પહેલાં લેવાની ત્યાં ઉત્કંઠા છે. આપત્તિનાં આક્રમણ સામે પૂંઠ ફેરવીને ભાગી જવાની નહિ, પણ આપત્તિ સામે બાથ ભીડવાની તમન્ના તરવરી રહી હશે. આ કિશોર એક વાર ફ્રાન્સની સંસદસભાના હોલમાં જઈ ચડયો. હોલમાં સંસદવડાની અલાયદી ખુરશી એક ઉચ્ચ આસને મૂકવામાં આવી હતી. સમ્રાટની અદાથી કિશોર એના પર બેસી ગયો.

સંસદસભા હોલનો સંરક્ષક ત્યાં ઓચિંતો આવી ચડયો.

એણે પેલા કિશોરનો ઊધડો લેતા કહ્યું : 'એલા,ત્યાં કેમ ચડી બેઠો છે ? આ તો ફ્રાન્સના વડાની ખુરશી છે.અક્કલ ગામ ગઈ છે કે શું ?'

જરાય ખચકાયા વિના કિશોરે હિંમતપૂર્વક કહ્યુ :

'ભવિષ્યમાં આ ખુરશી પર હું બેસવાનો છું. એટલે અત્યારે એમાં બેસીને આગોતરી ખાતરી કરી લઉં છું કે એના પર બેસવું કેવું ફાવશે !'

રક્ષક તો આ જવાબ સાંભળી સડક જ થઈ ગયો. કિશોર એટલા બધા ગૌરવપૂર્વક બોલ્યો હતો કે, એની વાણી મિથ્યા ઘમંડ જેવી એને ન લાગી. જાણે અંતરમાં ઊંડાણમાંથી આ વાણી હોય એમ, એને ખૂબ જ પ્રભાવિત કરી ગઈ. વધુ રોકટોક કર્યા વિના રક્ષક વિદાય થયો.

આ કિશોર ભણવામાં જેવો હોશિયાર હતો એવો જ રમતગમતમાં પણ એક્કો હતો. એની રમત પણ બીજાં બાળકોથી નિરાળી હતી. એ તો રમત પણ લડાઈની જ રમતો. કિશોરોની બે ટોળી બનાવી, એક ટોળીની સરદારી એ પોતે લેતો. બીજી ટોળી સાથે પોતાની ટોળીને યુદ્ધમાં ઉતારતો. હાથોહાથની એ લડાઈમાં એ એવી વ્યૂહરચના કરતો કે રમત રમનારા ને એ રમત જોનારા એની આ કાબેલિયત નિહાળી દંગ થઈ જતા.

પોતે જે કામ હાથમાં લેતો એમાં જયાં સુધી સફળતા સાંપડે નહિ ત્યાં સુધી એ જરાય જંપતો નહિ.

નિશાળમાં ગણિતશિક્ષકે ઘરકામમાં અઘરામાં અઘરો દાખલો એકવાર દરેકને ગણવા આપ્યો. આ કિશોરને નવું નવું કરવાની ખૂબ જ હોંશ. એને ચટપટી એવી ઊપડી કે ઘેર જલ્દી પહોંચી જાઉં અને જમીપરવારીને દાખલો ગણવા બેસી જાઉં.

કિશોર ખૂબ જ એકાગ્ર થઈ દાખલો ગણવા બેસી ગયો. પણ એમાં એને નિષ્ફળતા સાંપડી. ફરી પ્રયત્ન કરી જોયો, પણ દાખલો ન આવડયો. દાખલો કેમ આવડતો નથી, ગૂંચ કયાં આવે છે, એનો તાગ મેળવવા ઘડીભર એ થોભ્યો. પણ કોઈ ઉપાય હાથમાં ન આવ્યો. ફરી પાછો દાખલો ગણવા માંડયો, પણ એ પ્રયત્ન પણ અંધારામાં બાચકાં ભરવા જેવો નિરર્થક નીવડયો.

હવે તો આ દાખલો એ નાનકડા કિશોર સમક્ષ પડકારરૂપ બની ગયો. પ્રાણની બાજી લગાવીને પણ પડકારનો પ્રતિકાર કરવો એ એની ખાસિયત હતી. એટલે આખી રાત ફરીફરી ગણતો રહ્યો.

એ રાતની એની સઘળી સાધના નિષ્ફળ નીવડી. દાખલો જાણે કિશોરનું રૂપ ધારણ કરી, હલ થવા માટે ડોકું ધુણાવીને ના પાડતો હોય એવું દશ્ય એના માનસપટ પર ક્ષણ વાર માટે ખડું થયું.

કિશોરે હવામાં મુકકી ઉગામી ધમકી આપતાં કહ્યું : ‘તું ગમે તેટલા પ્રયત્ન કરીશ તોય મારી પાસે તારું કંઈ જ ચાલવાનું નથી. હું તને હલ કર્યા સિવાય નિરાંતની નિંદર લેવાનો જ નથી.’

આમને આમ દાખલો પૂરેપૂરો ગણી, એનો સાચો જવાબ મેળવવા માટે, પૂરા બોંતેર કલાક સુધી અણનમ યોદ્ધાની માફક એ ઝઝૂમ્યો. આખરે, વિજયપ્રાપ્તિ પછી જ હૈયે નિરાંતનો જંપ વળ્યો.

એ જ કિશોર મોટો થયા પછી ફ્રાંસનો તારણહાર બન્યો.

સંસદસભાના વડાની ખુરશી પર બેઠો.

ઈતિહાસનાં સુવર્ણપૃષ્ઠો આજેય એની વીરગાથા ગાઈ રહ્યાં છે.

એ મહાન નેપોલિયન બોનાપાર્ટે યુરોપની ધરતી પર ગજવેલો યુદ્ધનાદ આજેય એના પ્રચંડ પુરુષાર્થની પ્રતીતિ આપી રહ્યો છે.

સૌજન્ય : જીવન ફોરમ